SU- JIO UPSC COACHING CENTRE
SAURASHTRA UNIVERSITY,
RAJKOT- 360 005

તા. ૧૨-૦૭-૨૦૨૨

પ્રતિ
તંત્રી શ્રી,

__________

વિષય :-

1. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અંતર્ગત IAS/IPS બનવા માંગતા વિદ્યાર્થીઓ માટે શરુ કરવામાં આવેલ SU-JIO UPSC ભવન અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માટે UPSC ના કોચીગ અંતર્ગત નવી જગ્યા મંજુર થતા પ્રવેશ પરિક્ષા માટેનું ફોર્મ ભરાવવાની શરૂઆત.
2. આ પ્રવેશ પરિક્ષાના ફોર્મ WWW.SUJIOUPSC.IN વેબસાઈટ પરથી ભરી શકાશે.
3. આ ભવનમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ UPSC ની પરિક્ષા પાસ કરી ચુક્યા છે.

નમસ્કાર,

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ IAS/IPS બને અને ઉચ્ચ પદવી હાસલ કરે તે હેતુ થી વર્ષ ૨૦૧૯ થી SU-JIO UPSC BHAVAN શરૂ કરવામાં આવલ છે, આ SU-JIO UPSC BHAVAN અંતર્ગત બે વર્ષમાં કુલ 13 વિદ્યાર્થીઓએ UPSC પ્રિલીમ પરીક્ષા અને એક વિદ્યાર્થીએ UPSC MAINS પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી છે અને GPSC **અંતર્ગત આજે કુલ ૨૨ વિદ્યાર્થીઓ** CLASS- 1 **અને** CLASS- 2 **ના અધિકારી** તરીકે આજે ગુજરાત રાજ્યમાં સેવા આપી રહ્યા છે.

આ SU-JIO UPS BHAVAN **જૈન મહારાજ સાહેબ પ. પુ. નયનપદ્મસાગર મહારાજ અને પ. પુ. મયણા મહાસતીજીની** પ્રેરણા અને આશીર્વાદ અને **સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના સંલગ્નથી** શરૂ કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓને UPSCનું કોચિંગ મળે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા સંચાલિત આ ભવનમાં **જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (જીયો)** તરફથી **દિલ્હીથી UPSC ના શ્રેષ્ઠ તજજ્ઞો** દ્વારા વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. આ SU-JIO UPSC BHAVAN નો ઉદેશ્ય એજ છે કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ UPSC ની પરીક્ષા પાસ કરી IAS/IPS જેવા શ્રેષ્ઠ હોદ્દાઓ પર પોતાનું સ્થાન અંકિત કરે. આ ઉદેશ્યથી દિલ્હીના શ્રેષ્ઠ તજજ્ઞો રાજકોટ આવી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના આંગણે વિદ્યાર્થીઓને ભણાવે છે.

**આ કોચિંગ વિદ્યાર્થી માટે સંપૂર્ણ નિ:શુલ્ક છે એક પણ રૂપિયાનો ચાર્જ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતો નથી. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અને જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (જીયો) દ્વારા સયુક્તપણે વિદ્યાર્થીઓને બેસ્ટ કોચિંગ અને બેસ્ટ ફેસેલીટી મળે તે હેતુથી આ ભવન શરૂ કરવામાં આવેલ છે.**

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં આવેલ SU-JIO UPSC CENTR ખાતે વર્ષ ૨૦૨૨- ૨૩ અંતર્ગત UPSC તાલીમ મેળવવા માટે નવી બેચ શરૂ થનાર છે આ બેચ અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના તમામ વિદ્યાર્થી ભાગ લે તે માટે **સૌરાષ્ટ્ર યુનિવર્સીટી પ્રવેશ પરીક્ષા માટે આમંત્રણ આપે છે. આ પ્રવેશ પરીક્ષા ૨૦૦ માર્કસની રહેશે જેમાં ઉતીર્ણ થયા બાદ ઈન્ટરવ્યું દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે.**

**આ પ્રવેશ પરીક્ષા ગ્રેજ્યુએટની છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ હોય અથવા તો તેનાથી ઉપરના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે.**

આ કોચિંગ સેવાનો લાભ મેળવવા સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવે છે કે ઉત્સાહ પૂર્વક UPSC પરીક્ષા પાસ કરી IAS/IPS બનવા આગળ આવે અને બેસ્ટ કોચિંગ મેળવવા માટે SU-JIO UPSC BHAVAN કોચિંગ માટેની પ્રવેશ પરીક્ષા પાસ કરી નિ:શુલ્ક કોચિંગ મેળવે.

## પ્રવેશ પરીક્ષા ટાઈમ ટેબલ

| | | |
|---|---|---|
| ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | : | ૧૩-૦૮-૨૦૨૨ |
| પ્રવેશ પરીક્ષાની અંદાજીત તારીખ | : | ૨૮-૦૮-૨૦૨૨ |
| ફોર્મ ભરવા માટે વેબસાઈટ | : | SUJIOUPSC.IN |

જે વિદ્યાથીઓ પ્રવેશ પરીક્ષા આપવા ઈચ્છતા હોય તે SU-JIO UPSC BHAVAN ની વેબસાઈટ sujioupsc.in પર ઓનલાઈન ફોર્મ ભારવાનું રહેશે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના તમામ ગ્રેજ્યુએટની છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ હોઈ અથવા તેમની ઉપરના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને **ફૂલ ટાઈમ કોચિંગ મેળવવાની ઈચ્છા હોય તેઓ આ લિંક પર જઈ ને પોતાનું એડમિશન ફોર્મ ભરી શકે છે આ પ્રવેશ પરિક્ષાનું ફોર્મ ભવનમાં આવી રૂબરૂ પણ ભરી શકાશે.**

આ સેન્ટરમાં વિદ્યાર્થીઓને વાંચવા માટે પુસ્તકાલયની પણ ખુબજ સારી વ્યસ્થા કરવામાં આવેલ છે જે વિદ્યાર્થીઓ માટે સતત કાર્યરત છે.

આ SU-JIO UPSC BHAVAN ને સફળ બનાવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ના **માન. કુલપતિ શ્રી ડૉ. ગિરીશભાઈ ભીમાણી અને માનદ્ કો-ઓર્ડીનેટર ડૉ. મેહુલભાઈ રૂપાણી, કો-કો.ઓર્ડીનેટર શ્રી નીલેશભાઈ સોની તથા કો-કો.ઓર્ડીનેટર ડૉ. નીકેશભાઈ શાહ તથા દિલ્હીથી જીયોના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર શ્રી સંજયભાઈ સંખલેચા, રાજકોટ જીયોના ચેરમેન શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ અને ગુજરાત જીયોના પ્રેસીડન્ટ શ્રી રાજુભાઈ શાહ** વગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે અને તેમના જ સઘન પ્રયત્નોથી આ SU-JIO UPSC BHAVAN ખુબ જ સારી રીતે કાર્યરત છે.

શ્રેણિકભાઈ રામાણી
સેન્ટર ઇન્ચાર્જ